ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**ડી એફ શાહ**
પ્રમુખ, શ્રી સમસ્ત ખડાયતા સમાજ
ગાંધીનગર વૈષ્ણવ સમાજ



**દામિની એ શાહ**
ફોન : ૨૩૨૨૯૮૯૦
મો. ૯૭૨૬૨ ૫૫૯૧૬

# હરેકૃષ્ણ મંદિર ખાતે ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવ







ગાંધીનગર, તા. ૧૪

ભગવાન શ્રીકૃષ્ણએ ઈન્દ્રના ક્રોધ અને અત્યાર સામે વૃંદાવન નિવાસીઓનું રક્ષણ કરવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉંચકયો હતો. આ પ્રંસગની યાદગીરી નિમિતે કાર્તિક દીપોત્સવ ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ગુરૂવારના રોજ ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ૧૦,૦૦૦થી પણ વધુ ભાવિભકતોએ ઉપસ્થિત રહીને આ ઉત્સવનો લાભ લીધો હતો.

ગોવર્ધનપૂજા અને અન્નકૂટ મહોત્સવની મહત્તા વિશે જણાવતા હરેકૃષ્ણ મંદિર,ભાડજના પ્રેસિડન્ટ સ્વામી જગનમોહન કૃષ્ણ દાસે જણાવ્યું હતું કે "જયારે સર્વ શક્તિમાન ભગવાન શ્રીકૃષ્ણ એ નિહાળ્યું કે વૃંદાવન નિવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરી રહ્યા છે. ત્યારે ભગવાને કહ્યું કે તેઓએ ઈન્દ્રની પૂજા છોડી દઈને ગોવર્ધન પર્વતની પૂજા કરવી જોઈએ. આ વાત જાણીને ઈન્દ્ર ક્રોધીત થાય છે અને વૃંદાવનવાસીઓ પર વિનાશકારી વરસાદ વરસાવે છે. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ડાબા હાથની ટચલી આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉંચકી લે છે અને બધા વૃંદાવન નિવાસીઓને તેની છાયામાં સતત સાત દિવસ સુધી આશ્રય આપે છે. ઈન્દ્ર પોતે કરેલ દુષકૃત્ય પ્રત્યે સભાન થાય છે અને ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ ક્ષમા યાચના કરે છે. આથી સર્વ શક્તિમાન ભગવાન જણાવે છે કે જે ભક્ત પોતાની શરણમા રહશે તેમજ તેમની ભાવપૂર્વક ભક્તિ કરવામાં વ્યસ્ત રહેશે તે ભક્ત બધા જ બંધનથી મુક્ત થાય છે અને બીજા કોઈ દેવીદેવતાઓની સાંસારીક વસ્તુની કૃપા મેળવવા પૂજા કરવાની રહેતી નથી. આ શુભ પ્રસંગને શ્રીમદ્ ભાગવત ગીતાના અધ્યાય દશમાં ગોવર્ધનલીલા તરીકે વર્ણવવામાં આવ્યો છે, જેમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ગોવર્ધન પર્વત એ પોતાનું એક સ્વરૂપ છે અને મારા સમાન જ પૂજનીય છે. ભગવાન શ્રીકૃષ્ણ કરેલ અમૂર્તકલ્પનારૂપ આ લીલાની યાદગીરી રૂપે હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા પ્રથમ વખત વાર્ષિક ગોવર્ધન પૂજા અને અન્નકૂટ મહોત્સવની ઉજવણી મંદિર ખાતે કરવામાં આવી. ભગવાન શ્રીકૃષ્ણએ ધારણ કરેલ ગોવર્ધન પર્વતની મહત્તા દર્શાવતા ભજનોનું ગુણગાન જાણીતા ભજનીક શ્રી જનક રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌને આકર્ષિત અને અતિમોહક ભગવાન શ્રી શ્રી રાધામાધવને ભવ્ય પાલકીમાં શાનદાર સવારી કરાવવામાં આવી જેમાં ભકતો ભાવપૂર્વક ભગવાન શ્રી કૃષ્ણના ગુણગાન ગાતા સંકિર્તન ગાઈને જોડાયા હતા''.



સ્માર્ટ કિડ્સ પ્રિ-સ્કૂલ, સૅક્ટર-૪ ખાતે દિવાળી પર્વની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. અહીં ભૂલકાઓને એમની માતાઓ સાથે નોતરવામાં આવ્યા હતા, જ્યાં ભૂલકાઓની માતાઓએ ભૂલકાઓને સાથે લઈને મનોહર રંગોળી તૈયાર કરી હતી. એ પછી પરિસરમાં જ ભૂલકાઓને મનગમતા ફટાકડા ફોડવાની તક આપવામાં આવી હતી. એમની મમ્મીઓએ આરતી માટેની સુંદર થાળીઓ પણ તૈયાર કરી હતી. આમ, આ દિવાળી પર્વ એ ભૂલકાઓ અને એમની મમ્મીઓ એમ બંને માટે ઉજવણીનું માધ્યમ બની ગયું હતું.

**(તસવીર : કશ્યપ નિમાવત)**

# તહેવારમાં લોકોના રિવાજ બદલાયા

# એકમેકના ઘેર આવવા-જવાનું ઘટ્યું

ગાંધીનગર, તા. ૧૪

આપણા અન્ય તહેવારોની જેમ દિવાળી જેવા સૌથી મોટા તહેવારની ફિતરત પણ બદલાઈ છે અને આ તહેવાર દરમ્યાન પણ એકમેકના ઘરે જઈને શુભકામનાઓ આપવાનું લોકોએ ઓછું કર્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, જે આ વર્ષે પણ થોડા વધુ પ્રમાણમાં જોવા મળ્યું હતું.

દિવાળી હોય એટલે ઘરમાં મીઠાઈ આવે અને એ મીઠાઈ આરોગનારા મહેમાનો પણ આવે, એ જ રીતે આપણે પણ સગા-વ્હાલાઓ તો ઠીક, પરંતુ ઓળખીતાઓ, સ્નેહીઓ, પાડોશીઓના ઘેર શુભકામનાઓ પાઠવવા જઈએ એ રિવાજ આપણે ત્યાં વર્ષો જૂનો છે.

દિવાળી અને બેસતું વર્ષ એમ સળંગ બે દિવસો લોકો એકબીજાને ઘેર સપરિવાર જતા અને શુભકામનાઓ પાઠવતા તથા મીઠાઈ વગેરે આરોગી મીઠું મોઢું કરતા. સમય જતાં દિવાળીએ એકમેકના ઘેર જવાનું ઓછું થયું અને નવા વર્ષને દિવસે જ એકમેકને ઘેર જવાનો રિવાજ બાકી રહ્યો. પરંતુ છેલ્લાં પાંચેક વર્ષથી આ રિવજ પણ કથળી રહ્યો હોય એવું સ્પષ્ટ જોવામાં આવી રહ્યું છે. એમાંય મોબાઈલ ફોનની સગવડતાએ લોકોને એકમેકથી વધુ દૂર કરી દીધા હોય એમ લાગી રહ્યું છે. મોબાઈલ ફોનમાં મૅસેજના માધ્યમથી એકબીજાનો શુભકામનાઓ હવે લોકો અચૂક આપે છે, પરંતુ રૂબરૂ એકબીજાના ઘરે મળવા જતા નથી એ આજના જમાનાનો તહેવાર છે.

લોકો સ્વયં એવું સ્વીકારે છે કે 'હવેના તહેવારોમાં પહેલા જેવી મજા રહી નથી... હવે તહેવારોમાં લોકોનો ઉત્સાહ પહેલા જેવો રહ્યો નથી.... લોકોને હવે તહેવારોમાં પહેલા જેવો રસ રહ્યો નથી.... ' પરંતુ આ બાબતોમાં પોતે પણ સામેલ છે એવું બહુ ઓછા લોકો સ્વીકારે છે.

મોબાઈલ ફોન ઉપરાંત આજની દોડતી જિંદગી પણ માણસને માણસને દૂર કરી રહી છે એવું માનવામાં આવી રહ્યું છે. મોટાભાગનાં ઘરોમાં નોકરી-ધંધા સાથે સંકળાયેલા એકથી વધુ વ્યક્તિઓ હોય છે, જેમને કામ ખૂબ પહોંચે છે અને રજાઓ ખૂબ ઓછી મળે છે. એમાંય દિવાળી જેવા પર્વમાં એકસાથે બે કે ચાર રજાઓ મળી હોય એમાં લોકો મોટાભાગે આરામ કરવાનું પસંદ કરે છે. એક દિવસ તહેવારની ઉજવણીમાં નીકળી જાય છે અને એક-બે દિવસ પરિવાર સાથે હરવા-ફરવામાં નીકળી જાય છે. આ કારણે પણ લોકો અગાઉનાં વર્ષોની માફક એકબીજાના ઘેર જઈને શુભકામનાઓ પાઠવી શકતા નથી. એમાંય નવી પેઢી તો હવે મોટેરાઓ સાથે સગા-વ્હાલાઓના ઘેર આવવા ભાગ્યે જ તૈયાર થાય છે, એ પોતાના સર્કલમાં જ વ્યસ્ત હોય છે. આ કારણે પણ એકબીજાના ઘરે આવવાનું લોકોએ ઓછું કર્યું છે.

દિવાળીના તહેવારોમાં જે ઝડપે એકમેકના ઘેર જવાનું આપણે ત્યાં ઓછું થયું છે એ જોતાં આગામી પાંચ વર્ષ પછી તો આવો કોઈ રિવાજ હતો એવીય ખબર નવી પેઢીને ન હોય તો નવાઈ નહીં.



સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન અને બાળકોના પ્યારા 'ચાચા નહેરૂ'ના જન્મ દિવસ નિમિત્તે શનિવારે સવારે વિધાનસભા ભવનના પોડિયમ ખાતે



નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા પંડિત નહેરૂની તસવીર સમક્ષ પુષ્પાંજલિનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# બાળ દિવસની ટપાલ ટિકિટ્સ

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂનો જન્મદિવસ આપણા દેશમાં બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે એ બાબત આપણે સૌ જાણીએ છીએ. અલબત્ત, દુનિયાભરના દેશોમાં બાળ દિવસની ઉજવણી કરવામાં આવે છે, પરંતુ તે વર્ષના અલગ-અલગ દિવસોએ. અલબત્ત, આ ઉજવણીનો હેતુ બાળકોનું સંરક્ષણ કરવાનો છે.

આપણા દેશમાં બાળ દિવસ નિમિત્તે અવનવી ટપાલ ટિકિટ્સ બહાર પાડવાનો ચાલ પણ છે. ઘણી ટપાલ ટિકિટ્સ અત્યાર સુધી ટપાલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવી છે અને તેનો શોખીનો દ્વારા સંગ્રહ પણ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરના ફિલાટેલિસ્ટ કાંતિલાલ ઍમ શર્મા પાસે પણ ટપાલ ટિકિટ્સનો મોટો સંગ્રહ છે અને એમાં બાળ દિવસ નિમિત્તે બહાર પાડવામાં આવી હોય એવી સઘળી ટપાલ ટિકિટ્સ છે, જે તેમણે ખાસ ગાંધીનગર સમાચારના વાચકો માટે બાળ દિવસ નિમિત્તે અર્પણ કરી છે.

આ ટિકિટ્સમાં બાળકોના લગતા વિવિધ રસના વિષયો અને એક ટિકિટમાં બાળક સાથે પંડિત નહેરૂને પણ દર્શાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે ટપાલ વિભાગ દ્વારા અનેક વખત રાષ્ટ્ર સ્તરે બાળકોની ચિત્ર સ્પર્ધા યોજી તેમાં પ્રથમ ક્રમે વિજેતા થનારા ચિત્રને ટપાલ ટિકિટમાં સ્થાન આપવામાં આવી હોય એવું પણ બન્યું છે, તો ક્યારેક કુશળ તસવીરકાર દ્વારા લેવામાં આવેલી તસવીર પણ ટિકિટ્સ પર અંકિત થઈ છે.

પસંદગીની પધ્ધતિ જે હોય તે, એક વાત નિશ્ચિત છે કે આ ટિકિટ્સમાં વિવિધતા અને મનોહરતા તો છે જ અને તે સંગ્રહકારો માટે રસનો વિષય પણ છે. હવે તો બાળકો અને કિશોરો પણ આવી ટપાલ ટિકિટ્સના સંગ્રાહકો બનવા લાગ્યા છે તેથી આ વારસો હજુ સચવાશે એવો દિલાસો મળે છે. ગાંધીનગર શહેરમાં તો આખી ફિલાટેલી ક્લબ ચાલે છે, જેમાં ઘણા સભ્યો છે અને તેમની પાસે આવાં સુંદર સંગ્રહો છે.

કાંતિલાલ ઍમ શર્માનો આભાર માની એમના આ સુંદર ટપાલ ટિકિટ સંગ્રહને માણીએ.



## અપનોં કી શુરૂઆત આપ સે

વાર-તહેવારે એકબીજાને શુભકામનાઓ પાઠવવાનો રિવાજ આપણે ત્યાં ઘણો જૂનો છે. એમાંય દિવાળીની તો વાત જ નિરાળી છે. આજના મોબાઈલ જમાનામાં જોકે, અગાઉનાં વર્ષોની જેમ દિવાળી કાર્ડનો ચાલ રહ્યો નથી, પરંતુ ઍસઍમઍસ કે વૉટ્સઍપના માધ્યમથી લોકો એકબીજાને શુભેચ્છાઓ આપવાનું ચૂકતા નથી. આ દિવાળી દરમ્યાન જોવામાં આવેલા આવા શુભેચ્છા સંદેશ પૈકી કેટલાક સુંદર સંદેશ ખાસ ગાંધીનગર સમાચારના વાચકો માટે

- This Diwali, may you be blessed with good fortune as long as Ganeshji's trunk, wealth and prosperity as big as his stomach, happiness as sweet as his ladoos and may your trouble be as small as his mouse.
- Wishing you happy diwali with my 1 heart, 2 eyes, 7 liter blood, 206 bones, 4.5 million red cells, 60 trillion D N A"S...
- Wishing you happy diwali With gleam of Diyas And the Echo of the Chants. May Happiness and Contentment Fill Your life.
- Smiles, wishes and laurels from the very start of the year... wish this start involves enthusiasm, excitement and all that keeps you moving...
- In every thing there must be a season, A time to come and a time to go... I pray that this New Year brings to you happiness and joy forever and ever.
- ફૂલ કી શુરૂઆત કલી સે હોતી હૈ,
  ઝીંદગી કી શુરૂઆત પ્યાર સે હોતી હૈ,
  પ્યાર કી શુરૂઆત અપનોં સે હોતી હૈ
  ઔર અપનોં કી શુરૂઆત આપ સે હોતી હૈ
- હર સાલ આતા હૈ, હર સાલ જાતા હૈ
  હર નયે સાલ મેં આપકો વો સબ મિલે
  જો આપકા દિલ ચાહતા હૈ...
- વૃક્ષમાંથી લાકડું થઈને બારણું બની ગયેલાં તમારા સમયને
  કોઈની નઝરનું લીલું તોરણ બંધાય ત્યારે સમજવું
  કે આજે દિવાળી છે.
  અને એક સુંદર સંદેશ ભાઈબીજનો પણ -
- 'કૈસી ભી હો એક બહેન હોની ચાહિયે, બડી હો તો મા-બાપસે બચાનેવાલી, છોટી હો તો હમારી પીઠ કે પીઠે છુપનેવાલી. બડી હો તો ચૂપચાપ હમારે પૉકેટમેં પૈસે રખનેવાલી, છોટી હો તો ચૂપચાપ પૈસે નિકાલ લેનેવાલી. છોટી હો યા બડી, છોટી-છોટી બાતોં પર લડનેવાલી એક બહેન હોની ચાહિયે. બડી હો તો ગલતી પે હમારે કાન ખીંચનેવાલી, છોટી હો તો અપની ગતલી પર સૉરી ભૈયા કહનેવાલી, ખુદ સે જયાદા પ્યાર કરનેવાલી, એક બહેન હોની ચાહિયે.'